# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-06-2026** **EVENING: 7.10 TO 7.20 PM**

**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી ‘એક પેડ મા કે નામના ત્રીજા તબક્કાનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો**
3) **226 કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી મામલે વધુ બે આરોપીની ધરપકડ**
4) **ગીરમાં ઓબ્ઝર્વેશન હેઠળ રખાયેલા 12 સિંહ સંપૂર્ણ સ્વસ્થ થતાં જંગલમાં મુક્ત કરાયા**
5) **રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદની આગાહી**

………………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM SURAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉર્જા ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો, અને કહ્યું કે વિશ્વ પર્યાવરણીય સંરક્ષણ સાથે આર્થિક વિકાસને સંતુલિત કરીને ભારત સક્રિયપણે આગળ વધી રહ્યું છે. સુરતમાં 18 હજાર કરોડ રૂપિયાથી વધુની વિવિધ માળખાગત પરિયોજનાઓનો શુભારંભ કર્યા બાદ એક વિશાળ સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ નિર્દેશ કર્યો કે ભારતની 250 ગીગાવોટની કુલ નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાંથી, ગુજરાત એકલું 50 ગીગાવોટનું યોગદાન આપે છે, જે દેશના હરિત ઉર્જાનો પાંચમો ભાગ છે. તેમણે ઉમેર્યું, સૌર ઊર્જાના ઉત્પાદનમાં ભારત વિશ્વના પાંચ દેશોમાંનું એક છે.

## ( બાઇટ : PM SOLAR)

શ્રી મોદીએ કહ્યું, ગુજરાતે આ શતાબ્દીના પ્રારંભે જ સરકારમાં આબોહવા પરિવર્તનનો અલાયદો વિભાગ બનાવ્યો હતો આ વ્યવસ્થા બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હતું.

## (બાઇટ : PM CLIMATE CHANGE)

પ્રધાનમંત્રીએ 'વેસ્ટ ટુ વેલ્થ' પહેલની પણ પ્રશંસા કરી, જે છેલ્લા 12 વર્ષોમાં એક જન આંદોલનમાં ફેરવાઈ છે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આધુનિક કનેક્ટિવિટીને છેવાડાના માનવી સુધી લઈ જવી એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.અગાઉ પ્રધાનમંત્રી હજીરા પહોંચ્યા હતા જ્યાં તેમણે ઔદ્યોગિક અને માળખાકીય સુવિધાઓની સમીક્ષા કરી. તેઓ થોડીવારમાં કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં અંદાજે 2 હજાર 970 કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

# EK PED MAA KE NAAM 3.0

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર ખાતેથી ‘એક પેડ મા કે નામના ત્રીજા તબક્કાનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો. લોકભવન કર્મચારી વસાહત નજીક 5 હજાર જેટલા રોપાઓના વાવેતર સાથે આ અભિયાનનો પ્રારંભ થયો. વન વિભાગ દ્વારા 2026-27 દરમિયાન એક પેડ માં કે નામ અને વન મહોત્સવ અન્વયે સમગ્ર રાજ્યમાં કુલ 74 હજાર 453 હેકટર વિસ્તારમાં 5 કરોડ 51 લાખથી વધુ રોપાઓનું વાવેતર કરાશે.

આગામી ચોમાસામાં પ્રજાજનોને સરળતાથી રોપા મળી રહે તે માટે 423 નર્સરીમાંથી કુલ 11.80 કરોડ રોપાઓનું વિતરણ કરવાનું પણ આયોજન કરાયું છે.કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે પીપળાનું વાવેતર કરીને સૌને પાણી-પેટ્રોલ-ઊર્જા બચાવવા અને વૃક્ષારોપણ કરવાનો સંદેશ આપ્યો.

# CYBER FRAUD CASE

226 કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી મામલે વધુ બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ભાવનગરથી ઝડપાયેલા આ શખ્સોએ વોલેટ ઓપન કરી, અલગ-અલગ લેયરમાં 5 હજાર USDT એટલે કે ભારતીય મૂલ્ય અનુસાર 4 લાખ 75 હજારથી વધુ રૂપિયા મેળવી ગેરકાયદેસર ફંડિંગ કર્યું હોવાનું સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક સંજય કેશવાલાએ જણાવ્યું.

**(બાઇટ : સંજય કેશવાલા, SP)**

ઉલ્લેખનીય છે કે આ કેસમાં અગાઉ 10 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

# MODHVADIYA LION

ગીર વિસ્તારમાં ઓબ્ઝર્વેશન હેઠળ રખાયેલા 17 સિંહો પૈકી 12 સિંહ સંપૂર્ણ સ્વસ્થ જણાતા જંગલમાં મુક્ત કરવામાં આવ્યા છે. રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ આજે આ માહિતી આપી. તેમણે કહ્યું, બાકીના 5 સિંહો પણ સ્વસ્થ છે અને તેમને પણ ટુંક સમયમાં જ મુક્ત કરવામાં આવશે.

## (બાઇટ : અર્જુન મોઢવાડીયા, મંત્રી)

# JAMNAGAR VENEZUELA PREZ

બોલિવેરિયન રિપબ્લિક ઓફ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ આજે જામનગરની મુલાકાતે છે. તેમણે આજે પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી ખાતે વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક અરુણ કુમાર તથા અન્ય અધિકારીઓ સહભાગી થયા હતા.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WORLD ENVIRONMENT DAY – DISTRICT

રાજ્યભરમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.પોરબંદર જિલ્લાના ચોપાટી બીચ ખાતે વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં બીચ ક્લિનિંગ ડ્રાઇવ યોજાઈ હતી.

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના નવાનગર ખાતે જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં સામૂહિક વૃક્ષારોપણનો સંકલ્પ લેવાયો.

છોટાઉદેપુર વન વિભાગ દ્વારા ખાનગી શાળા ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશ રાઠવાની અધ્યક્ષતામાં જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

ડાંગ જિલ્લામાં આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલે વનો તથા કુદરતી સ્ત્રોતોનું જતન-સંવર્ધન કરવાની હાંકલ કરી.

બનાસકાંઠામાં અંબાજી ખાતે નિર્માણાધીન બોટનિકલ ગાર્ડનમાં 51 શક્તિપીઠોની પ્રેરણાથી પસંદ કરાયેલા 51 પવિત્ર, ઔષધીય મહત્વ ધરાવતા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું

જામનગરમાં રાજ્ય કક્ષાનો વિશેષ સેમિનાર યોજાયો હતો. જેમાં રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પ્રત્યેક નવાં બનતાં બાંધકામોની સાથે નિશ્ચિત સંખ્યામાં વૃક્ષો વાવવાની કાયદાકીય જોગવાઈ કરવાની હિમાયત કરી હતી.

**(બાઈટ : પરિમલભાઈ નથવાણી (સાંસદ, રાજ્યસભા) )**

ખેડા જિલ્લાના આંતરોલી ગામે અન્ન, નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીના હસ્તે પર્યાવરણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારાઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા

નવસારીમાં લુન્સીકુઈ મેદાન ખાતે જ્યારે બોટાદ શહેરની આર.ટી.ઓ.કચેરી તથા ગીર સોમનાથના વેરાવળ તટરક્ષક દળ રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો.

કચ્છના અંજારના સતાપર ગામમાં રાજ્યમંત્રી ત્રિકમ છાંગાના અધ્યક્ષસ્થાને પર્યાવરણ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરાઈ

પંચમહાલના હાલોલની પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટી ખાતે રાજ્ય કૃષિમંત્રી રમેશ કટારાની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના "સ્વચ્છતા અભિયાન"નું લોન્ચિંગ અને વૃક્ષારોપણ કરાયું

# AHMEDABAD - FIRE

આજે અમદાવાદના નરોડા જીઆઇડીસી વિસ્તારમાં આવેલ MSN ઇન્ટરમીડીયેટ્સ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીમાં વિસેલમાં આગ લાગવાની ઘટના બની હતી. જેમાં ત્રણ જેટલા મજૂરોને ઇજા થઈ હતી.તેમાંથી એક વ્યક્તિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું . ફાયર બ્રિગેડની ટીમ અને અધિકારીઓ ઘટના સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને આગને કાબુમાં લઈ લીધી હતી. કયા કારણોસર અને કયા કેમિકલમાં આગ લાગેલી હતી તે સમગ્ર મામલે એફએસએલની મદદથી તપાસ કરવામાં આવશે તેમ ઝોન 4 ડીસીપી અતુલ બંસલે જણાવ્યું હતું.

**(બાઇટ - અતુલ બંસલ , ઝોન 4 ડીસીપી)**

# WEATHER

રાજ્યમાં આગામી 10 જૂન સુધી વિવિધ વિસ્તારોમાં વરસાદ, ગાજવીજ અને તેજ પવનની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આજે ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સાથે જ કેટલાક સ્થળોએ ભારે ગર્જના સાથે વીજળીના ચમકારા થવાની પણ આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના વડા એ.કે દાસના જણાવ્યા અનુસાર પવનની ગતિ 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેના કારણે લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

(બાઇટ - એ. કે દાસ , હવામાન વિભાગના વડા)

# AHMEDABAD DABAN

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી સરકારી વસાહતની જમીન પર વર્ષોથી થયેલા અનધિકૃત દબાણો દૂર કરવામાં આવ્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે ટી.પી. સ્કીમ નં.ના ફાઈનલ પ્લોટ નં. 268 માં સમાવિષ્ટ આ સ્થળ પર લાંબા સમયથી પ્રવર્તમાન 19 રહેણાંક અને 10 વ્યાવસાયિક મળી કુલ 29 અનધિકૃત દબાણો હટાવી જમીન સંપૂર્ણપણે મુક્ત કરવવામાં આવી છે.

અગાઉથી અપાયેલી વિવિધ નોટિસો અને પૂરતા સમયગાળાના કારણે મોટાભાગના દબાણકર્તાએ સ્વેચ્છાએ દબાણ દૂર કર્યા હતા.

# SABARKANTHA COURT

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે નવનિર્મિત અદ્યતન 'જિલ્લા ન્યાય મંદિર'નું આજે લોકાર્પણ કરાયું. આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. અંદાજિત 74 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ અદ્યતન સંકુલમાં એકસાથે 18 અદાલત કાર્યરત થઈ શકે તેવી વ્યવસ્થા છે. આ નવા અદાલત સંકૂલ દ્વારા નાગરિકોની સુખાકારીમાં વધારો થશે.